IT કમિટીની કાર્યવાહી નોંધ,

<u>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની આઈ.ટી. કમિટીની</u> તા.૨૭/૩/૨૦૧૮ના રોજ ૧૨.૦૦ <u>કલાકે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના</u> અગ્ર સચિવશ્રીના અધ્યક્ષપદે યોજાયેલ આઈ.ટી. <u>**કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ.**</u>

**આ બેઠકમાં અધ્યક્ષશ્રી ઉપરાંત હાજર રહેલ અધિકારીઓની યાદી (એનેક્ષર-એ) આ સાથે સામેલ છે.**

વિભાગના અગ્રસચિવશ્રીએ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી.

એચ.ડી.એફ.સી. બેંકે આ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના બોર્ડ/નિગમો દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત મંજૂર કરવામાં આવતી લોન તથા તેની રીકવરીની કામગીરી માટે વિના મૂલ્યે લોન મેનેજમેન્ટ **સોફ્ટવેર પુરો પાડવા તથા તેનું વિના મૂલ્યે ઓપરેશન અને મેઈન્ટેનન્સ કરવા તથા ભવિષ્યમાં જરૂરિયાત મુજબ સોફ્ટવેરમાં** વિના મૂલ્યે ઘટતા ફેરફાર કરી આપવા માટે તેમના તા.૧૫/૨/૨૦૧૮ના પત્રથી દરખાસ્ત કરેલ છે. આ દરખાસ્તની વિચારણા માટે અગ્ર સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૬/૩/૨૦૧૮ના રોજ વિભાગના **સંબંધિત અધિકારીઓ, નિગમોના અધિકારીઓ તથા એચ.ડી.એફ.સી. બેંકના પ્રતિનિધિઓની બેઠક મળેલ હતી. આ બેઠકમાં નિગમોએ તા.૧/૪/૨૦૧૮ થી શરૂ થતા નવા નાણાકીય વર્ષમાં લોન મંજૂર કરવા અને તેની રીકવરી માટે એચ.ડી.એફ.સી. બેંક સાથે** integrate **થયેલ સોફ્ટવેરનો ઉપયોગ કરવા અને જુના લોન** ડાટાને તબક્કાવાર આ સોફ્ટવેરમાં ડીજીટાઈઝ કરવા નિર્ણય કરવામાં આવેલ છે.

નિગમોએ એચ.ડી.એફ.સી. બેંક સાથે કરવાના કરાર/MOUનો મુસદ્દો(draft) એચ.ડી.એફ.સી. બેંકે અત્રે મોકલેલ છે. આ મુસદ્દાની ચકાસણી(scrutiny) કરી નિગમના હિત વિરૂદ્ધની કોઇ બાબત મુસદ્દામાં છે કે કેમ? તે **અંગે તથા નિગમના હિતમાં કોઈ બાબત કરાર/MOUમાં સામેલ કરવાની જરૂરિયાત છે કે કેમ તે અંગે સ્પષ્ટ** અભિપ્રાય/સૂચનો આપવા નિગમોને તથા GILને જણાવેલ.

આ વિભાગ હસ્તકના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમે લોન મેનેજમેન્ટ માટે GIL મારફતે **(ટેન્ડર નં.SW27022017124 થી) મે. અદિત માઈક્રોસીસ્ટમ પ્રા.લી.ને નિગમનો સોફ્ટવેર ડેવલપ કરવા માટે તા.૧૭/૦૭/૨૦૧૭ના રોજ વર્ક ઓર્ડર આપેલ છે. તમામ નિગમોએ લોન મંજૂર કરી તેને રીકવર કરવાની એક** જ પ્રકારની કામગીરી કરવાની છે તે તથા એચ.ડી.એફ.સી. બેંક દ્વારા નિગમોની જરૂરીયાત મુજબનો સોફ્ટવેર ડેવલપ કરાવવાનો ખર્ચ ભોગવવાનો છે તે ધ્યાને લઈને દરેક નિગમ દ્વારા એચ.ડી.એફ.સી. બેંક સાથે કરાર/MOU કરવા અને ડેવલપર સાથે કરાર/MOU કરવા અને ડેવલપરને વર્ક ઓર્ડર આપવાની બાબત અંગે **ચર્ચા વિચારણા કરવા વિભાગની આઈ.ટી. કમેટીની બેઠક મળેલ.**

બેઠકમાં એચ.ડી.એફ.સી. બેંક લી.ની દરખાસ્ત તથા તે અંગે કોર્પોરેશનોએ એચ.ડી.એફ.સી. બેંક સાથે કરવાના કરાર/MOU તથા કોર્પોરેશનોએ સર્વિસ પ્રોવાઈડરને આપવાના વર્ક ઓર્ડર વિશે વિગતવાર ચર્ચા **કરવામાં આવી.**

૧. ઠાકોર અને કોળી વિકાસ નિગમના મેનેજીંગ ડીરેક્ટરશ્રીએ એચ.ડી.એફ.સી. બેંકની બેંકીંગ સેવાઓ યોગ્ય ન જણાય તો એચ.ડી.એફ.સી. બેંક સાથે કરેલ કરાર કોર્પોરેશન દ્વારા રદ કરી શકાય તેવી જોગવાઈ એચ.ડી.એફ.સી. બેંક સાથે કરવાના કરાર/MOUમાં દાખલ કરવા સૂચન કર્યું.

૨. GIL ના મેનેજીંગ ડીરેક્ટરશ્રીએ ટેન્ડરીંગ પ્રક્રિયા કરીને સર્વિસ પ્રોવાઈડરની પસંદગી કરવા સૂચવ્યું તથા આ બાબત SPC(IT) માં રજુ કરી તેની પણ મંજૂરી મેળવવા તથા એચ.ડી.એફ.સી. બેંક પ્રાયોજિત સોફ્ટવેર માટે નીચેની બાબતોનો કરારમાં સમાવેશ કરવા GIL એ સૂચવ્યું.

a. **Performance related measurement and related penalty clauses**
b. **Date Security breaches and its implication**
c. Service Level Agreement
d. Roles & Responsibilities of all the Stakeholders
e. **Operation & Maintenance responsibilities**

૩. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમે GIL મારફતે ટેન્ડરીંગ કરીને તથા GIL એ જણાવ્યાનુસાર નિગમના સોફ્ટવેર માટે સર્વિસ પ્રોવાઈડર મે. અદિત માઈક્રોસીસ્ટ પ્રા.લી. સાથે કરાર કરી વર્ક ઓર્ડર આપેલ છે તે જ શરતોએ અન્ય નિગમોની જરૂરિયાત મુજબનો સોફ્ટવેર કોઈ પણ ખર્ચ કર્યા વગર કોર્પોરેશનોને ઉપલબ્ધ થાય તે બધા કોર્પોરેશનોના હિતમાં છે. તેમ મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમે રજુઆત કરી અને આ સોફ્ટવેરથી end to end લોન મેનેજમેન્ટ સિસ્ટમ એટલે કે loan sanction થી loan recovery સુધીની બધી પ્રક્રિયા એક જ એપ્લીકેશનમાં આવરી લેવાયેલ છે.

૪. ઉપર્યુક્ત સૂચનો પરત્વે ચર્ચા વિચારણા કરી કોર્પોરેશનોએ એચ.ડી.એફ.સી. બેંક સાંથે કરવાના કરાર/MOU માં જરૂર જણાય તો એચ.ડી.એફ.સી. બેંક સાથે કરેલ કરાર કોર્પોરેશન દ્વારા રદ કરી શકાય તેવી જોગવાઈ કરાર/MOUમાં દાખલ કરવા નિર્ણય કરવામાં આવ્યો.

૫. સોફ્ટવેરના નાણાકીય ખર્ચ માટે એચ.ડી.એફ.સી. બેંક સાથેના MOUમાં તથા આ વિભાગ હસ્તકના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમે લોન મેનેજમેન્ટ માટે GIL મારફતે ટેન્ડર નં.SW27022017124 થી મે. અદિત માઈક્રોસીસ્ટ પ્રા.લી.ને નિગમનો સોફ્ટવેર ડેવલપ કરવા માટે તા.૧૭/૦૭/૨૦૧૭ના રોજ વર્ક ઓર્ડર આપેલ છે તે જ શરતોએ અન્ય નિગમોએ આ જ સર્વિસ પ્રોવાઈડર સાથે કરાર કરી વર્ક ઓર્ડર આપવાનો છે તેમાં GIL એ સૂચવેલી બાબતોને આવરી લેવાયેલ છે, છતાં સર્વિસ પ્રોવાઈડરને આપવાના વર્ક ઓર્ડરમાં SLA, Data Security અને Penalty માટે અલગથી શરત સામેલ કરવા તથા નિગમો માટે એચ.ડી.એફ.સી. બેંક પ્રાયોજીત(sponsored) લોન મેનેજમેન્ટ સોફ્ટવેર ડેવલપ કરવા અને તેનો ઉપયોગ કરવા આઈ.ટી. કમીટીએ નિર્ણય કર્યો.

બેઠકમાં આ સિવાય અન્ય કોઈ મુદ્દો રજુ થયેલ ન હોઈ અગ્ર સચિવશ્રીએ હાજર રહેલ સૌનો આભાર માની મીટીંગ પૂર્ણ થયેલ જાહેર કરી.

(એચ.જી.ભાભોર)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ક્રમાંક:CMP-૧૦૨૦૧૮-૯૯૩૧૦-કો.સેલ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં.૫, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૩/૪/૨૦૧૮

નકલ રવાના પ્રતિ

(૧) સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના, બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૩) નાણા સલાહકારશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) અધિક સચિવશ્રી(વિજાક અને બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૫) સંયુક્ત સચિવશ્રી(કો.સેલ),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) નાયબ સચિવશ્રી(અ.જા.ક.),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) નાયબ સચિવશ્રી(સ.સુ.),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૦) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૧) ઉપસચિવશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) ઉપસચિવશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિ.,બ્લોક નં.૧, ૮મો માળ,ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
(૧૪) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, બ્લોક નં.૧૦, ૨ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૫) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, બ્લોક નં.૧૧, ૨ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૬) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, બ્લોક નં.૨, ૩ જો માળ, બી-વીંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
(૧૭) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૮) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ, બ્લોક નં.૧૧, ૨ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૯) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૨૦) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ડૉ. આંબેડકર અંત્યોદય (અતિ પછાત જાતિ) વિકાસ નિગમ, બ્લોક નં ૪, પ્રથમ માળે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, બ્લોક નં.૧૯, ૨જો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૨૨) બ્રાન્ચ મેનેજરશ્રી, એચ.ડી.એફ.સી. બેંક લિ.,
જી/૨, ભોંયતળિયે, સુપર મોલ-૨, ઘ-0 સર્કલ નજીક, ઈન્ફોસિટી, ગાંધીનગર-૩૮૨૦૦૯.
(૨૩) સિલેક્ટ ફાઈલ.

(આર.એન.પ્રજાપતિ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ